દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

ડાંગ, તાપી, નર્મદામાં આગામી ૫ દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી : સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં થન્ડર સ્ટોર્મ એક્ટીવના કારણે ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૨ રાજ્યમાં ગરમી અને બફારા વચ્ચે લોકો મેઘરાજાના આગમનની રાહ જોઈ રહ્યા છે. જો કે ચોમાસુ મહારાષ્ટ્રના કેટલાક ભાગ સુધી પહોંચી ગયું છે. અને આગળ વધવા માટે પરિસ્થિતિ સાનુકૂળ છે.

જો કે ગુજરાતમાં ચોમાસાનો વરસાદ આવે છે તે પહેલાં જ પ્રી મોન્સૂન વરસાદ આવી રહ્યો છે. દક્ષિણ ગુજરાત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ બની રહ્યો છે અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં તો મેઘરાજાની સારી એવી પધરામણી પણ થઇ ગઇ છે. આ દરમિયાન હવામાન વિભાગે આગાહી કરી છે. આગામી ૫ દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં ડાંગ તાપી નર્મદામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે તો સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં થન્ડર સ્ટોર્મ એક્ટીવના કારણે ગાજવીજ અને ભારે પવન સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ હવામાન વિભાગનું અનુમાન છે કે આગામી ૩ દિવસ દરમિયાન ગુજરાત રાજ્યના ઉત્તર અરબી સમુદ્રના કેટલાક ભાગોમાં ચોમાસાના આગળ વધવા માટે સ્થિતિઓ અનુકુળ બનતી રહેશે. દક્ષિણ ગુજરાતના તાપી નર્મદા જિલ્લામાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે પવન સાથે સામાન્યથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

વાવોલ ખાતે 'મિની આનંદ શિબિર'માં વડીલોએ ભરપુર મોજ કરી

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ આયોજિત શિબિરમાં વડીલોએ યોગ-પ્રાણાયામ, કવિતા શ્રવણ ઉપરાંત કરાઓકે સંગીત સાથે ડાન્સનો ભરપુર આનંદ માણ્યો

ગાંધીનગર, તા.૧૨ ગાંધીનગરના વાવોલ ખાતે આજે સવારે શાંતિવન સોસાયટીની સામે કુલજોગણી માતાના મંદિરે ઘટાટોપ આંબાના સાનિધ્યમાં વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા વિસ્તારના વડીલો માટે 'મિની આનંદ શિબિર' યોજવામાં આવી હતી. આ શિબિરમાં આશરે ૫૦ જેટલાં વડીલોએ ઉમળકાભેર ભાગ લીધો હતો અને યોગ-પ્રાણાયામ, લાફીંગ એક્ટિવિટી, રમુજી મિમિક્રી, કવિતા શ્રવણ ઉપરાંત કરાઓકે સંગીત સાથે ડાન્સનો ભરપુર આનંદ માણ્યો હતો. શિબિરમાં કોરોના મહામારીમાં દિવંગત થયેલા સભ્યોને મૌન પાળીને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા કોરોના મહામારીના કારણે બે વર્ષના અંતરાલ બાદ આયોજિત 'મિની આનંદ શિબિર'ના પ્રારંભે નરેન્દ્ર પ્રતાપસિંગ દ્વારા યોગની સરળ સમજ આપવા યોગ-પ્રાણાયામ કરાવાયાં હતા. વાવોલમાં કિર્તીધામ ખાતે રહેતા યુવા કવિ અંકુરભાઇ શ્રીમાળીએ વડીલોના હૃદયને સ્પર્શી જતી કવિતાઓ કહી હતી અને મધુ ફાઉન્ડેશનના ભરતભાઇ પ્રજાપતિ દ્વારા કરાઓકે સંગીતની મોજ કરાવાઇ હતી. આનંદ શિબિરમાં હળવી શૈલીમાં નૃત્ય, હાસ્ય અને અભિનય સાથે વડીલોને પણ પોતાની કલા રજુ કરવાની તક આપવામાં આવી હતી. વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની આદર્શ પરંપરા મુજબ સ્વયંભુ વ્યવસ્થા પદ્ધતિ દ્વારા પાણી અને પૌષ્ટિક નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમિતિના સભ્ય ગૌરાંગભાઇ પટેલે ફોટોગ્રાફીની સેવા આપી હતી અને શિબિરના સમાપને સંજયભાઇ પંડ્યાએ વડીલોની અને શિબિરમાં યોગદાન આપનાર તમામની આભારવિધિ કરી હતી.

રાજ્યના મુખ્ય સચિવ પંકજ કુમાર કોરાના સંક્રમિત થયા

હાલ તેઓ હોમ ક્વોરેન્ટાઈન રહીને સારવાર કરી રહ્યાં છે

ગાંધીનગર, તા.૧૨ ગુજરાતમા ધીમી ગતિએ કોરોનાએ દસ્તક આપી છે. હવે ટોચના સરકારી અધિકારીઓ પણ કોરોનાની ઝપેટમાં આવી રહ્યાં છે. રાજયના મુખ્ય સચિવ પંકજ કુમાર કોરોનાગ્રસ્ત થયા છે. હાલ તેઓ હોમ ક્વોરેન્ટાઈન રહીને સારવાર કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, પંકજ કુમાર બીજીવાર કોરોના સંક્રમિત થયા છે. તેઓ ગત વર્ષે બીજી લહેરમાં પણ કોરોના સંક્રમિત થયા હતા.

ગત વર્ષે ૨૦૨૧ પણ પંકજ કુમાર કોરોના સંક્રમિત થયા હતા. ત્યારે હવે ચોથી લહેરમાં પણ તેઓ કોરોના સંક્રમિત થયા છે. કોરોનાની નવી લહેરમાં ટોચના અધિકારી સંક્રમિત થવાનો આ પહેલો કેસ છે. હાલ પંકજ કુમાર ગાંધીનગરના નિવાસસ્થાને સારવાર લઇ રહ્યાં છે.

ગુજરાતમાં કોરોના ફરી એક વાર તીવ્ર ગતિએ ફેલાઈ રહ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૫૪ કેસ નોંધાયા છે. ફરી એકવાર કોરોનાના કેસમાં ઉછાળો આવતાં તંત્ર ચિંતિત બન્યુ છે. તે માટે અનેક શહેરોમાં ટેસ્ટીંગ અને વેક્સીનેશન પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. વધુ ભીડભાડવાળા વિસ્તારોમાં સંક્રમણ ન વધે તે માટે ટેસ્ટીંગ બૂથ ફરી ઉભા કરાયા છે.

ગાંધીનગર સેકટર -૧૭ સ્થિત ક્રિષ્ના વૃદ્ધાશ્રમના સિનિયર સિટીઝન ધાર્મિક પ્રવાસે ગયા હતા. ઉજ્જૈન, ઓમકારેશ્વર, ઈન્દોર સહિતનાં વિવધ સ્થળો પર તારીખ ૯ થી ૧૨ દરમિયાન ધાર્મિક પ્રવાસની સફર માણી હતી. જેમાં ૨ વર્ષ બાદ કોરોનાથી છુટકારો મળતા વડીલો ખુશ ખુશાલ રીતે ધાર્મિક પ્રવાસ કરી આવ્યા હતા.

'આપ'ના પ્રદેશ સંગઠનમાં ગાંધીનગરના બે નેતાઓને સ્થાન

રીનાબેન રાવલને પ્રદેશ સંગઠનમાં ઉપાધ્યક્ષ બનાવાયાં જ્યારે હસમુખ પટેલને પ્રદેશ મંત્રી તરીકે બઢતી મળી

ગાંધીનગર, તા.૧૨ ગુજરાતમાં જિલ્લા પંચાયત તેમજ મહાનગરપાલિકા જેવી સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં ઝુકાવ્યા બાદ હવે આમ આદમી પાર્ટી રાજયની વિધાનસભાની આગામી ચૂંટણીઓ માટે સત્તા પક્ષને પડકાર ફેંકવા માટે કમર કસી રહી છે. તાજેતરમાં જ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાતની મુલાકાત લીધી હતી. આ પછી આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠનમાં મોટાપાયે ફેરફારો કરવામાં આવ્યા છે જે અનુસાર જાહેર કરવામાં આવેલી આમ આદમી પાર્ટીની નવી પ્રદેશ કારોબારી સમિતિમાં ગાંધીનગરના એક મહિલા નેતા સહિત બે નેતાઓને પ્રદેશ સંગઠનમાં સ્થાન આપવામાં આવ્યું છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલિયા અને ચૂંટણી પ્રભારી ગુલાબ સિંહ દ્વારા ગુજરાત પ્રદેશના કેટલાંક નવા હોદ્દેદારોની નિમણૂક જાહેર કરવામાં આવી છે જેમાં ગાંધીનગરના મહિલા નેતા રીનાબેન રાવલને પ્રદેશ કારોબારી સમિતિમાં ઉપાધ્યક્ષનો હોદ્દો આપવામાં આવ્યો છે જ્યારે સંગઠન મંત્રી રહી ચુકેલા હસમુખ પટેલને પ્રદેશ મંત્રી તરીકે બઢતી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રીનાબેન રાવલ અને હસમુખભાઈ પટેલ બન્ને ગાંધીનગર મહાનગર પાલિકાની ગત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર હતાં. ગાંધીનગરના બે નેતાઓને પ્રદેશ કક્ષાએ હોદ્દા મળતા શહેરના આમ આદમી પાર્ટીના સંગઠનમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

રાજ્યમાં નાગરિકો ઈલેક્ટ્રિક વાહનની ખરીદી તરફ વળ્યાં

અમદાવાદ RTOમાં લાખોની સંખ્યામાં ઈ-વ્હીકલ રજિસ્ટર થયા રોજ વાહનમાંથી નીકળતો ધુમાડો પ્રદૂષણ વધારી રહ્યો છે ત્યારે સરકાર દ્વારા પ્રદૂષણ મુક્ત કરવા અનેક થઈ રહ્યા છે

અમદાવાદ, તા.૧૨ પેટ્રોલ-ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે સાથે જ હવામાં પ્રદૂષણનું પ્રમાણ પણ વધી રહ્યું છે અમદાવાદ શહેરની જીજે વનમાં ૪૪ લાખ આસપાસ વાહનો અત્યાર સુધીના રજિસ્ટર થયેલા છે. જો કે રોજ વાહનમાંથી નીકળતો ધુમાડો પ્રદૂષણ વધારી રહ્યો છે ત્યારે સરકાર દ્વારા પણ પ્રદૂષણ મુક્ત કરવા માટે અનેક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વાતાવરણ શુદ્ધ રહે તે માટે હવે એ વ્હિકલને વેગ આપી રહ્યા છે સરકાર દ્વારા એ વ્હિકલ માટે પોલીસી પણ જાહેર કરવામાં આવી હતી. જેને એક વર્ષ થઈ ગયું છે. જોકે હવે લોકો પણ જાગૃત થઈ રહ્યા છે અને ઈલેક્ટ્રીક વાહનો તરફ વળી રહ્યા છે જેના કારણે અમદાવાદ આરટીઓમાં વ્હિકલ રજીસ્ટ્રેશન વધી રહ્યું છે.

અમદાવાદ આરટીઓ આર.એસ દેસાઈએ જણાવ્યું હતું કોરોના બાદ વાહન રજીસ્ટ્રેશનમાં ૪૦ ટકાનો વધારો થયો છે સાથે જ ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા પણ વધી રહી છે. અમદાવાદ આરટીઓમાં ૨૦૨૦-૨૧ માં ૭૮ હજાર વાહનો રજીસ્ટર થયા છે. ૨૦૨૧-૨૨ માં ૧.૨૩ લાખ રજીસ્ટર થયા હતા. ૨૦૨૨ માં એપ્રિલમાં ૧૩ હજાર રજીસ્ટર થયા હતા. તો દિવસે ને દિવસે વ્હિકલ રજીસ્ટ્રેશનની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ઈલેક્ટ્રિક વ્હિકલની ખરીદીમાં પણ વધારો નોંધાયો છે. જેના કારણે ઈ માં પણ આ પ્રકારના વાહનોના રજીસ્ટ્રેશનમાં વધારો નોંધાયો છે. ઈલેક્ટ્રિક વ્હીકલમાં લોકોનો રસ વધ્યો છે. અમદાવાદ આરટીઓમાં ૨૦૧૮માં ૨૩ વ્હિકલ રજીસ્ટર થયા હતા. ૨૦૧૯માં ૧૩૯ વ્હિકલ રજીસ્ટર થયા હતા. ૨૦૨૦માં ૪૪૪ વ્હિકલ રજીસ્ટર થયા હતા. ૨૦૨૧માં ૧૪૮૬ વ્હિકલ રજીસ્ટર થયા છે. જ્યારે ચાલુ વર્ષે ૨૦૨૨ એપ્રિલ સુધી ૪ મહિનામાં ૧૪૬૮ ઈ-વ્હિકલ નોંધાયા છે.

રાજ્યમાં નોંધાયેલ આંકડા જોઈએ તો મે ૨૦૨૧માં ૨૧૨ ઈ વ્હિકલની નોંધણી થઈ હતી. તો એપ્રિલ ૨૦૨૨ માં ૬૯૭૦ ઈ વ્હિકલની નોંધણી થઈ છે. જે ૨૦૨૧ ની સરખામણીએ ૩૩ ટકા વધુ સંખ્યા છે. ઈલેક્ટ્રિક વ્હિકલને વેગ આપવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઈ વ્હિકલ સાથે ચાર્જિંગ સ્ટેશન વધારાઈ રહ્યા છે. રાજ્યમાં અંદાજે ૨૫૦ ચાર્જિંગ સ્ટેશન છે તો બીજા સ્ટેશનની પ્રક્રિયા ચાલુ છે. ઈ-વ્હિકલ ચાલકોને વાહન ક્યાં ચાર્જ કરવા તે સમસ્યા સર્જાતી હતી તે દૂર થશે.

પેટ્રોલની અછત સર્જાશે તેવો ફેક મેસેજ વાઈરલ થતાં અફરાતફરી

ખોટા મેસેજ ફરતા થતા પેટ્રોલપંપો પર લાગી લાઈનો : ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીએ કહ્યું કે, પેટ્રોલનો પૂરતો જથ્થો છે : પેટ્રોલ પંપ માલિકોને પણ પરસેવો વળી ગયો

અમદાવાદ, તા.૧૨ ગુજરાતમાં અમદાવાદ સહિતના વિસ્તારોમાં સોશિયલ મીડિયામાં પેટ્રોલ ખૂટી જવાની અફવા સોશિયલ મીડિયામાં ઉડતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને લોકોએ શનિવારની અડધી રાત સુધી પેટ્રોલ પંપ ઉપર લાંબી લાઈનો લગાવી હતી. કેટલીક જગ્યાઓએ અડધા કિમીથી પણ વધારે લાંબી લાઈનો જોવા મળી હતી. મોટી સંખ્યામાં લોકો પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડીઝલ ભરાવવા પહોંચતાં પેટ્રોલ પંપ માલિકોને પણ પરસેવો વળી ગયો હતો. અને તેઓએ લોકોને સમજાવ્યા છતાં પણ લોકો માન્યા ન હતા. અને પેટ્રોલ પંપ સાડા બારની આસપાસ બંધ કરી દેવાતાં લોકોએ હોબાળો પણ મચાવી દીધો હતો. આ મામલે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સના કેબિનેટ મંત્રી કનુ દેસાઈ અને રાજ્યમંત્રી મુકેશ પટેલે પણ સ્પષ્ટતા કરી જણાવ્યું હતું કે, ગુજરાતમાં પેટ્રોલનો પૂરતો જથ્થો છે.

શનિવારે મોડી સાંજે સોશિયલ મીડિયામાં કોઈ ટીખણખોરે મેસેજ વાયરલ કર્યો હતો કે, ખાડી દેશો દ્વારા પેટ્રોલ આપવામાં ન આવતાં આગામી ચાર દિવસ સુધી પેટ્રોલ પંપ બંધ રહેશે. આ અફવા ગુજરાતમાં વાયુવેગે વાયરલ થઈ ગઈ હતી અને મેસેજને સાચો માનીને લોકોએ પેટ્રોલ પંપ તરફ દોટ મૂકી હતી. મોટી સંખ્યામાં કાર અને બાઈક લઈને પેટ્રોલ પંપ તરફ પહોંચી જતાં પેટ્રોલ પંપની બહાર લાંબી લાઈનો લાગી હતી. જો કે, પેટ્રોલ પંપ બહાર લોકોની લાંબી લાઈનો જોયા બાદ પેટ્રોલ પંપના માલિકોના પણ શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. તેઓએ લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે, પેટ્રોલનો પૂરતો જથ્થો અને પેટ્રોલની કોઈ અછત નથી, તેમજ પેટ્રોલ પંપ બંધ પણ થવાનું નથી. પણ વોટ્સએપ મેસેજને સાચો માનતાં લોકોએ પેટ્રોલ પંપના માલિકોની વાત પર વિશ્વાસ આવ્યો ન હતો.

પહેલા વરસાદમાં સાપુતારામાં એસટી બસને અકસ્માત

ડાંગ, તા.૧૨ ડાંગ પાસેના વઘઈમાં શિરડી-સુરત-બગસરા એસટી બસને અકસ્માત નડ્યો હતો. જિલ્લાનાં વઘઈ સાપુતારા રોડ પર મકર ધ્વજ મંદિર નજીક સરકારી એસટી બસ પલટી વળી ગઈ હતી. પ્રથમ વરસાદને પગલે એસટી બસનાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. જોકે, બસમાં સવાર તમામ ૪૦ થી ૫૦ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો. પરંતુ ઈજાગ્રસ્તોને વઘઈ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લાના વઘઈથી સાપુતારા આંતરાજ્ય ધોરીમાર્ગ પર અવારનવાર અકસ્માતોનો સિલસિલો યથાવત રહેતો હોય છે. ત્યારે વઘઈ સાપુતારા રોડ પર મકર ધ્વજ મંદિર નજીક સરકારી એસટી બસને અકસ્માત નડ્યો હતો. શીરડીથી સુરત બગસરા ખ્ત ૧૮૪ ૭૬૬૯ બસના ચાલકે વરસાદી માહોલમાં સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા બસ પલટી ગઈ હતી.

પાટીદારોએ લોક કલ્યાણની ભાવનાથી સર્વ સમાજનું ધ્યાન રાખ્યું છે : ડો. કેશુભાઈ દેસાઈ

ધરતી વિકાસ મંડળના લેખક સંમેલનમાં પદ્મશ્રી જોરાવરસિંહજી જાદવ, ડો. મફતલાલ પટેલ અને નટવર પટેલ સહિતના સાહિત્યકારોને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૧૨ વૈશ્વિક સ્તરે સમાજ સંગઠનને મજબૂત કરી પાટીદાર સમાજે લોક કલ્યાણની ભાવનાથી સમાજ ઉત્કર્ષ અર્થે કરેલા સેવાકાર્યોમાં સર્વ સમાજનું ધ્યાન રાખ્યું છે એમ જાણીતા સાહિત્યકાર ડો. કેશુભાઈ દેસાઈએ અત્રે ધરતી વિકાસ મંડળ દ્વારા યોજાયેલા લેખક સંમેલનને સંબોધતા જણાવ્યું હતું.

અમદાવાદમા ૭૫ વર્ષથી કાર્યરત ધરતી વિકાસ મંડળ દ્વારા સામાજિક જાગૃતિ માટે પ્રકાશિત કરાતા ધરતી સામાયિકને અમૃત પર્વની ઉજવણીના વર્ષમાં વૈવિધ્યસભર બનાવવાના ઉદ્દેશ્યથી આયોજિત કરાયેલા લેખક સંમેલનમા કટાર લેખકો, કવિઓ, સાહિત્યકારો, બાલસાહિત્યકારો, નાટ્ય લેખકો સહિત નવોદિત સર્જકોને આમંત્રિત કરાયા હતા.

સૌરાષ્ટ્રના લોકપ્રિય સંનિષ્ઠ કેળવણીકાર મનસુખ સલ્લાના અધ્યક્ષસ્થાને યોજાયેલા લેખક સંમેલનને સંબોધતા જાણીતા સાહિત્યકાર ડો. કેશુભાઈ દેસાઈએ દેશવિદેશમાં ખ્યાતિ મેળવી ઉત્તમ સેવાકાર્યોમાં યશસ્વી

યોગદાન આપી પરિવાર, સમાજ, વતન, રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધારનાર પાટીદાર સમાજની ગૌરવગાથા પ્રસ્તુત કરી પ્રેરણાસ્ત્રોત બનેલા સમાજના દ્રષ્ટીવંતા સાહસિક આગેવાનો, સમાજ સુધારકો, કેળવણીકારો, રાજકીય અને સહકારી ક્ષેત્રના પીઢ નેતાઓ, અગ્રણી ઉધોગપતિઓ, દાનવીર દાતાઓ તેમજ સાહિત્યના ક્ષેત્રમાં નામના મેળવનારા પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને પિતાંબર પટેલના યોગદાનની પ્રશંસા કરી જણાવ્યું હતું કે વિશ્વની સૌથી પ્રગતિશીલ પ્રજા એ પાટીદાર છે એનું ગૌરવ દરેકે લેવું જોઈએ.

પ્રતિબદ્ધ છું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા ગ્રામ્ય વિસ્તારમાં શુદ્ધ પાણી પહોંચાડવા તથા ગટરના પાણીના શુદ્ધિકરણ અને નિકાલ કરવાના અંદાજીત રૂપિયા ૧૯૩ કરોડના ૧૫ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું તથા ૮૫.૯૯ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ કર્યું હતું.

ગાંધીનગર મહાનગર પાલિકામાં નવા સમાવાયેલા સુઘડ, ભાટ, કોટેશ્વર, અમિયાપૂર, ખોરજ અને ઝૂંડાલમાં ડ્રેનેજ વ્યવસ્થા, વોટર સપ્લાય ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, સ્યુએઝ નેટવર્કના કુલ રૂ. ૧૯૩.૧૨ કરોડના કામોના ખાતમૂહર્ત કરવામા આવ્યા છે. કેન્દ્રીય સહકારિતા અને ગૃહ મંત્રી અમિતભાઇ શાહે પોતાના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરને દેશનો શ્રેષ્ઠ સંસદીય મતવિસ્તાર બનાવવાની નેમ સાથે કહ્યુ હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાત વિધાનસભા ક્ષેત્રોમાં વિવિધ વિકાસ કામો નાગરિકોની સેવાઓ માટે ખુલ્લા મૂકયા છે. જેમાં ઘાટલોડિયા વિસ્તારમાં રૂપિયા ૧૯૮૪ કરોડના કામો, નારણપુરા વિસ્તારમાં રૂપિયા ૧,૩૦૦ કરોડના, વેજલપુર વિસ્તારમાં રૂપિયા ૫૬૧ કરોડના, સાબરમતી વિસ્તારમાં રૂ.૬૩૪, સાણંદમાં રૂપિયા ૭૮૮ કરોડના, કલોલમાં રૂપિયા ૪૯૩ કરોડના તથા ગાંધીનગર ઉત્તરમાં રૂ. ૨,૮૫૭ કરોડના વિવિધ વિકાસકામોના લાભો નાગરિકોને પહોચાડવા બદલ તેમણે ટીમ ગુજરાત ને અભિનંદન પાઠવ્યા હતા.

ગ્રામસભા અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવનાર છે.

જિલ્લામાં યોજાઈ રહેલ ગ્રામસભા અભિયાન દરમ્યાન રજુ થયેલા પ્રશ્નોના નિકાલ માટે અલગથી કાર્યવાહી કરવા માટે તંત્રને સૂચના આપવામાં આવી છે. વિકાસ કામોની વિગતો આ બેઠકમાં રજુ કરવાની રહેશે તેમજ તેનુ સોશ્યલ ઓડિટ કરાવવાનું રહેશે.

જાહેર વિતરણ વ્યવસ્થાના સઘનીકરણ માટે આ બેઠકમાં વિશેષ ભાર મુકવામાં આવ્યો હોઈ અન્ન સુરક્ષા યોજનાના લાભાર્થીઓની યાદીનું વાંચન તેમજ નિયમિત અને પુરતા વજન સાથે અનાજ મળે છે કે નહિ તેને લઈ પણ ચર્ચા કરવાની રહેશે.

વધુ ૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૦ને પાર કરી ગઈ છે. જિલ્લામાં ૨૧૧ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના નોંધાયેલા દર્દીઓમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે કડક તાકીદ કરી છે. જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ તાકીદ કરવામાં આવી છે.

પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ચૌધરી કહે છે કે તેમની કાર્યક્ષમતા અને કોઢાસૂઝને કારણે સંસ્થાનો ત્વરિત વિકાસ થયો. ડો. કુમારપાળ દેસાઈ કહે છે કે શિક્ષણપ્રેમના એક નાનકડા બીજમાંથી કેવું વિશાળ વૃક્ષ સર્જી શકાય છે તેનું ઉદાહરણ માણેકલાલભાઈએ પૂરું પાડ્યું. શૈક્ષણિક સંકુલના સર્જન પાછળ જીવ રેડી દેવાની તેમની આદત હતી.

માણેકલાલભાઈનું કામ જોઈને કોઈએ કહેલું કે જો ગુજરાતના દરેક જિલ્લાને એક એક માણેકલાલ મળી જાય તો ગુજરાત સાચી સમૃદ્ધિ તરત પામી શકે. માણેકલાલભાઈની વિદાય પછી તેમના પુત્ર વલ્લભભાઈ છગનભા અને માણેકલાલભાઈના વિદ્યાવારસાને સુપેરે આગળ ધપાવી રહ્યા છે.

ગુજરાતના શિક્ષણવિશ્વનાં આવાં સુગંધી અને ઉજળાં તપકર્મોનું દસ્તાવેજીકરણ થવું જોઈએ અને નવી પેઢી સુધી મૂકાવું જોઈએ.

ગોધૂલિ:

તમારી સંસ્થા ઈંગ્લેન્ડની પબ્લિક સ્કૂલોની જેમ કાર્ય કરી રહી છે. તમારું કાર્ય જોઈ મને સંતોષ થયો છે, અને તે દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે. (૪-૧-૧૯૨૬)

(સયાજીરાવ મહારાજ ત્રીજા, વડોદરા... કડી સર્વ વિદ્યાલયની મુલાકાત પછી.)